GJBK010007832026

## આંક–૧ તળે હુકમ

(૧) સાંભળ્યા, અરજી તથા સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારોએ હાલની અરજી કરી, આ કામે અરજદારોના નામે ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ(હાલ પંજાબ નેશનલ બેંક), પાલનપુર શાખામાં મુર્હમ અરજદાર–ભવરીબેન ધરમાજી માળીના કામે ફીકસ ડીપોઝીટ તરીકે જમા નાણાં તેઓના નોમીનીને ચુકવી આપવા બેંકને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે અરજદારોની અરજી તળેનો રજીસ્ટ્રીનો શેરો વંચાણે લેતાં આ કામે સામાવાળા ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી. ધ્વારા ટ્રીબ્યુનલના હુકમથી નારાજ થઈ નામ. ગુજરાત હોઈકોર્ટમાં ફ.અપિલ નં.૧૮૧૨/૨૦૧૫ થી દાખલ કરેલ છે અને સદરહું અપીલ ફેસલ થયેલ છે. જે હુકમની નકલ નિ.૩/૩ થી અરજદારો તરફે રજુ થયેલ છે. સદરહું અપિલના વચગાળાના હુકમ અન્વયે સામાવાળાએ જમા કરાવેલ રકમ પૈકી અરજદારોના નામે ફીકસ ડીપોઝીટ કરાવવાનો હુકમ કરેલ છે. જે પૈકી અરજદાર–ભવરીબેન ધરમાભાઈ માળી ના નામે રૂ.૧,૦૩,૮૯૭/– ની પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવવાનો હુકમ કરેલ. પરંતુ અપીલ દરમ્યાન અરજદાર–ભવરીબેન ધરમાજી માળીનાઓ તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ મરણ ગયેલ છે. તેઓના નામે જે ફીકસ ડીપોઝીટ કરાવેલ હતી તે ફીકસ ડીપોઝીટમાં નોમીની તરીકે હાલના અરજદાર નં.૨–હરસનભાઈ મસરાજી માળી હતા. અરજદારો તરફે નિ.૩/૨ થી ફીકસ ડીપોઝીટ રજુ કરેલ છે તેમાં નોમીની તરીકે હાલના અરજદાર નં.૨ ને દર્શાવેલ છે. અપીલ ફેસલ થયા બાદ સામાવાળા વિમા કંપની તરફે કોઈ અપિલ કરેલ હોય તેવી

રજુઆત નથી. તેમજ સામાવાળા વિ.વ.શ્રીએ અરજદારોને નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ ફીકસ ડીપોઝીટના નાણાં ચુકવવામાં આવે તો વાંધો નથી તેવો શેરો અરજદારોની અરજી તળે કરેલ છે. આમ, મુર્હમ અરજદારના નામે જે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે તેની મુદત પુર્ણ થયેલ છે અને તેઓના નામે જે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે તેમાં નોમીન તરીકે અરજદાર નં.૨ ને દર્શાવેલ છે. અપિલનો નિકાલ આવેલ હોય ફીકસ ડીપોઝીટના નાણાં તેઓના નોમીનીને ચુકવી આપવા બેંકને હુકમ કરવો યોગ્ય જણાતો હોવાથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. મુર્હમ અરજદાર-ભમરીબેન ધરમાજી માળી, રહે.કીડોતર, તા.અમીરગઢ, જીલ્લો-બનાસકાંઠાઓના નામે એમ.એ.સી.પી. નં.૪૧૨/૨૦૦૧ ના કામે ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ(હાઈ પંજાબ નેશનલ બેંક), પાલનપુર શાખામાં ડીપોઝીટ રસીદ નં.૬૨૪૪૩૩૧ જેની રકમ અનુક્રમે રૂ.૧,૦૩,૮૯૭/- ની એફ.ડી. કરેલ છે તે ફીકસ ડીપોઝીટની વ્યાજ સહીત મળવાપાત્ર રકમ તેઓના નોમીની અરજદાર નં.૨-હરસનભાઈ મસરાજી માળીને જરૂરી ઓળખ લઈને પરત આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ મુજબ બેંકને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર

તા.૧૦/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઈ પટેલ)**

એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા-પાલનપુર
જી.જે.૦૦૮૦૩